પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. એસએસએ/મકમ/૨૦૨૦/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા. ૨૭.૦૮.૨૦૨૦
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ

પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જિ. તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા. તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ "હોમ લર્નિંગ" અંતર્ગત પ્રવૃત્તિઓના પ્રચાર–પ્રસાર તેમજ રીવ્યુ બાબત.**
**સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા.૫.૬.૨૦૨૦**
**(૨) સમગ્ર શિક્ષાના પત્ર ક્રમાંકઃ એસએસએ/મકમ/૨૦૨૦/૧૬૬૯૨–૧૬૭૯૬ તા.૧૨.૬.૨૦૨૦**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૮.૬.૨૦૨૦ થી શાળાઓમાં વેકેશન સમાપ્ત થયેલ છે. પરંતુ Covid-19 મહામારીને કારણે અનલોકની ગાઈડ લાઈન પ્રમાણે શાળાઓમાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવતાં નથી.

શિક્ષણ વિભાગ ધ્વારા જયાં સુધી શાળાઓમાં વિદ્યાર્થીઓને બોલાવવાની મંજુરી ન મળે ત્યાંસુધી "હોમ લર્નિંગ" ધ્વારા શિક્ષણ કાર્ય કરાવવાની સૂચના સંદર્ભ (૧) થી આપવામાં આવેલ છે. તે અંતર્ગત સંદર્ભ–૨ ધ્વારા સમગ્ર શિક્ષા ધ્વારા "હોમ લર્નિંગ" માટે જિલ્લાઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે અને તે અનુસંધાને નીચેની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.

(૧) બાળકોને પાઠય પુસ્તકોનું વિતરણ કરાવવામાં આવેલ છે.

(૨) તા.૧૫.૬.૨૦૨૦ થી દુરદર્શન કેન્દ્ર મારફત ડીડી ગિરનાર ચેનલ ઉપર ધોરણ–૩ થી ૧૨ નું શૈક્ષણિક પ્રસારણ કરવામાં આવી રહેલ છે.

(૩) બાયસેગ ધ્વારા વંદે ગુજરાત ચેનલો ઉપર ધોરણ વાઈઝ ચેનલ મારફત ધોરણ–૩ થી ૧૨ નું (24 x 7) શૈક્ષણિક પ્રસારણ (છ કલાક માટે પ્રસારણ અને ૩ વખત રીપીટ ટેલીકાસ્ટ) કરવામાં આવી રહયું છે. (પ્રસારણ નિહાળવા માટે દુરદર્શન DTH ડીશ જરૂરી)

(૪) વર્ચ્યુઅલ કલાસરૂમ પ્રાથમિક શાળાઓ (ધોરણ–૫ થી ૮ માટે) Microsoft teems ની મદદથી શિક્ષકો ધ્વારા પોતાની શાળાના ૩૦–૪૦ વિદ્યાર્થીઓનું ગૃપ બનાવી વિડિયો કોન્ફરન્સ મારફત શિક્ષણ.



Scanned with CamScanner

(૫) ધોરણ–૯ અને ૧૦ ના ગણિત–વિજ્ઞાન, ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ગણિત, રસાયણ શાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તેમજ ધોરણ–૧૨ વાણીજય પ્રવાહ માટે નામા ના મુળ તત્વો અને આંકડાશાસ્ત્ર વિષયોનું વર્ચ્યુઅલ કલાસ બ્રોડકાસ્ટ મોડથી Microsoft Teems, Youtube live, Facebook live પરથી ગાંધીનગર ખાતેથી લાઈવ પ્રસારણ કરવામાં આવી રહયું છે.

(૬) ધોરણ–૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે જીસીઈઆરટી ધ્વારા તૈયાર કરવામાં આવેલ "ઘરે શિખીએ" અભ્યાસ સામગ્રી પણ પહોંચાડવામાં આવેલ છે.

(૭) ઉપરોકત પ્રસારીત થયેલ તમામ કાર્યક્રમો સમગ્ર શિક્ષાની વેબસાઈટ ssagujarat.org/home learning તેમજ Youtube પર Gujarat e-class પર ઉપલબ્ધ છે.

(૮) NCERT ની ગાઈડ લાઈન પ્રમાણે તમામ સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને દરરોજ ૧૫ વિદ્યાર્થીઓ/વાલીઓને ફોન કરી ઉપરોકત માહિતી તેમજ જરૂરી માર્ગદર્શન આપવા વિનંતી કરવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર માહિતી આ સાથેના પેમ્પલેટ તેમજ પરીપત્રોમાં સામેલ છે. હવેપછી હોમ લર્નિંગ અંતર્ગત નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) આપના જિલ્લાના ઉપકરણોની ઉપલબ્ધતા, સર્વેના ડેટા આધારિત બ્લોક વાઈઝ ટાર્ગેટ નકકી કરવાના રહેશે.

(૨) જે શાળાઓમાં જ્ઞાનકુંજ કલાસ છે તેમના ધ્વારા ફરજિયાત Virtual Class (વર્ચ્યુઅલ કલાસ) થાય તેવું સુનિશ્ચિત કરવું.

(૩) દરેક શાળા ફરજિયાત એક Virtual Session (વર્ચ્યુઅલ સેશન) નું આયોજન કરે તે સુનિશ્ચિત કરવું.

(૪) આ સાથે સામેલ ફોર્મેટ મુજબ વિકલી રિપોર્ટીંગ કરવું.

(૫) ઉપરોકત કાર્યક્રમો ઓછામાં ઓછી એક વખત કેળવણી નિરિક્ષક/બીઆરસી/સીઆરસી/આચાર્યશ્રી/શિક્ષકશ્રી ધ્વારા પણ જોવામાં આવે તે ઈચ્છનીય છે.

(૬) Diksha Portal ની લીંક દરેક બાળક સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવો. બાળક Diksha Portal અથવા તો QR Code મારફત આ કાર્યક્રમ જોવે તે સુનિશ્ચિત કરવું.

(૭) દરેક શિક્ષક ધ્વારા વાલી/વિદ્યાર્થીઓને ફોન ધ્વારા સંપર્ક કરી દરેક વિગતો પહોંચી છે કે કેમ ? તે ક્રોસ ચેક કરે.

ઉપરોકત માહિતી વધુમાં વધુ વિદ્યાર્થી/વાલીઓ સુધી પહોંચે તે ખૂબ જ જરૂરી છે. આ માટે આપની કક્ષાએથી આપની તાબા હેઠળની કચેરીઓને "હોમ લર્નિંગ" અંતર્ગત પ્રવૃત્તિઓના પ્રચાર–પ્રસાર તેમજ રીવ્યુ માટે જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન આપવા વિનંતી.

P. M

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ:**

– નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

E:\D\Doordarshan Home Learning\Home Learning Planning.docx

Scanned with CamScanner

ક્રમાંક:માવિ.૬/હોમ લર્નિંગ/૨૦૨૦/૧૧૫૦૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૧/૦૮/૨૦૨૦

<u>સંદર્ભ:</u>-ગુજરાત શાળ શિક્ષણ પરિષદ, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ,સમગ્ર શિક્ષા, ગાંધીનગરના ના તા.૨૧૪૦૮/૨૦૨૦ ના પત્ર ક્રમાંક નં.એસએસએ/મકમ/૨૦૨૦/૨૬૩૯૪-૪૯૬.

<u>૨/- નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

NB
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner